## સંકલ્પ સંબંધમાં રીત

## નિયમ–૧૧૭

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:– (શ્રીમતી દર્શના વાઘેલા)**

માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે .......

ભારત દેશ ૧૪૦ કરોડની વસતી ધરાવતો વિશાળ દેશ છે. વિશ્વની પ્રથમ નંબરની લોકશાહી શાસન વ્યવસ્થા આ દેશમાં પ્રવર્તમાન છે. દેશના દરેક નાગરિકને પ્રાથમિક જરૂરિયાતો જેવી કે રોટી, કપડા અને મકાન માટે બંધારણથી અધિકાર બક્ષેલ છે.

રાજ્યના ગરીબ લોકોની છતની સાથે સાથે જીવન માટે ખોરાકની પણ જરૂરિયાત સંતોષાવી આવશ્યક છે. આ માટે પંડિત દીનદયાલ ઉપાધ્યાયના એકાત્મ માનવતાવાદના સિદ્ધાંતોને મૂર્તિમંત કરવા સરકાર કટિબધ્ધ છે. તેથી જ જરૂરિયાતમંદ તમામ લોકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ‘‘રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩’’ હેઠળ રાજ્ય સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનો દ્વારા ઘઉં, ચોખા, તેલ, ખાંડ, દાળ, કઠોળ વગેરે સબસીડીયુક્ત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

દેશમાં અને રાજ્યમાં APL અને BPL કાર્ડ ધરાવતા કુટુંબો ખાસ કરીને શ્રમિક વર્ગના હોય છે. આવા લોકોને રોજગારી મેળવવા પોતાના વતનથી દૂર અન્ય સ્થળોએ સ્થળાંતર કરવું પડે છે. ક્યારેક જિલ્લા બહાર તો ક્યારેક રાજ્ય બહાર પણ રોજગારી મેળવવા જવું પડે છે. આવા સ્થળાંતર કરતા લોકોને સસ્તા અનાજની સરકારની યોજનાનો લાભ મળી રહે તે માટે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ‘‘વન નેશન, વન રાશન કાર્ડ’’ યોજના બનાવી છે. શ્રમિકો રોજગારી મેળવવા કોઈ પણ જગ્યાએ સ્થળાંતર કરે તો પણ રેશન કાર્ડ ધરાવતા લોકોને સરકારી અનાજ વિતરણની વ્યવસ્થાનો લાભ આપવાના દ્રઢ નિર્ધાર સાથે ઓગષ્ટ–૨૦૧૯માં ‘‘એક રાષ્ટ્ર, એક રાશન કાર્ડ’’ એટલે કે ‘‘વન નેશન, વન રાશન કાર્ડ’’ યોજના અમલમાં મૂકવામાં આવી તેમાં ગુજરાત રાજ્યને પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદ કરીને ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે પોર્ટેબિલિટી દ્વારા વિતરણ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી. તબક્કાવાર આ યોજનાનું દેશના વિવિધ રાજ્યોમાં અમલીકરણ થયું અને છેલ્લે ૩૬મા રાજ્ય તરીકે આસામમાં આ યોજના લાગુ કરવામાં આવી છે અને આજે સમગ્ર દેશમાં ‘‘વન નેશન, વન રાશન કાર્ડ’’ યોજનાનો અસંખ્ય લોકો લાભ મેળવી રહ્યા છે.

દેશમાં કોરોનાના કપરા કાળમાં લોકડાઉન દરમિયાન આ યોજના શરૂ કરવાથી ખાસ કરીને પરપ્રાંતિય લોકોને તેનો મોટા પ્રમાણમાં લાભ મળ્યો છે.

‘‘વન નેશન, વન રાશન કાર્ડ’’ યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં નકલી રાશન કાર્ડ અંતર્ગત થતા ભ્રષ્ટાચારને રોકવાનો

છે. ઉપરાંત કોઈ વ્યક્તિ એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરે છે તો તેને રાશન મેળવવામાં કોઈ સમસ્યા ઉદ્‌ભવશે નહીં તે પણ સુનિશ્ચિત કરે છે. આનાથી પરપ્રાંતિય મજૂરોને સંપૂર્ણ ખાદ્ય સુરક્ષા મળશે.

આ યોજનાથી સરકાર દ્વારા તમામ રાશનકાર્ડ ધારક માટે કેન્દ્રીય ભંડાર બનાવીને અને તેને આધાર સાથે જોડીને કુલ પોર્ટેબિલિટીની સુવિધા આપવામાં આવે છે. જેનાથી રાશનકાર્ડ ધારક દેશના રાજ્યમાં, જિલ્લા/તાલુકા અથવા ગામમાં જાય તો પણ તે નોંધણી કરાવીને સરળતાથી રાશન મેળવી પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી શકે છે. આમ, ગરીબો માટે વરદાનરૂપ આ યોજના અમલમાં મૂકી છે.

આ યોજના દેશના તમામ લોકો સુધી પહોંચી શકે તે માટે ભારત સરકાર દ્વારા ‘‘મેરા રાશન’’ મોબાઈલ એપ્લીકેશન જુદી જુદી પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવેલ છે. આ મોબાઈલ એપ્લીકેશન દ્વારા લાભાર્થી પોતાનું રજિસ્ટ્રેશન કરીને નજીકની વાજબી ભાવની દુકાનની વિગતો મેળવીને લાભ લઈ શકે છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનો લાભ જરૂરિયાતમંદ લોકો સરળતાથી મેળવી શકે તે માટે ‘‘વન નેશન, વન રાશન કાર્ડ’’ એટલે કે ONORCની જાણકારી તમામ નાગરિકો સુધી પહોંચે તે માટે બહોળા પ્રમાણમાં પ્રચાર–પ્રસાર કરવા અને છેવાડાનો માણસને યોજનાથી લાભાન્વિત બનાવવા માટે અસરકારક પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**અધ્યક્ષ:–** સંકલ્પ રજૂ થાય છે.

**(ત્યારબાદ સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી, મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓ વકતવ્યો કરે છે.)**

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:–** . . . . . . . . . . . . . . .

**સભ્ય:–** . . . . . . . . . . . . . . .

**સભ્ય:–** . . . . . . . . . . . . . . .

**મંત્રીશ્રી:–** . . . . . . . . . . . . . . .

**(ત્યારબાદ સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી ચર્ચાનો જવાબ આપે છે.)**

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:–** . . . . . . . . . . . . . . .

**(શ્રીમતી દર્શના વાઘેલા)**

**<u>સભ્યશ્રી પોતાનો સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે તો</u>**

**સભ્ય:–** માનનીય અધ્યક્ષશ્રી હું મારો સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી માગું છું.

**અધ્યક્ષ:–** પ્રશ્ન એ છે કે સભાગૃહ માનનીય સભ્યશ્રીને તેમનો સંકલ્પ પાછો ખેચી લેવાની પરવાનગી આપે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુદ્ધમાં હોય તેઓ "ના" કહે.

**<u>પરવાનગી આપવાની તરફેણમાં બહુમતી જણાય તો</u>**

**અધ્યક્ષઃ-** મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે(થોડી વાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. માનનીય સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહ પરવાનગી આપે છે.

**સભ્યઃ-** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

**<u>પરવાનગી આપવાની વિરુધ્ધમાં બહુમતી જણાય તો</u>**

**અધ્યક્ષઃ-** મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. માનનીય સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી નથી.

**<u>સભ્યશ્રી સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી ન માગે અથવા સભાગૃહ પરવાનગી ન આપે તો</u>**

**અધ્યક્ષઃ-** હવે હું સંકલ્પ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે જેઓ સંકલ્પની તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા"/"ના" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા"/"ના" કહેનારાની બહુમતી છે. સંકલ્પનો સ્વીકાર/અસ્વીકાર કરવામાં આવે છે.